# વડોદરા મહાનગરપાલિકા

## સીક્યુરીટી શાખા

## કોર્પોરેશન બેન્ડ મળવા માટેનું અરજી ફોર્મ

૧. બેન્ડ માંગનારનું નામ : ______________________________.

૨. કાયમનું સરનામું : ______________________________.

૩. માંગણીની તારીખ અને સમય (ક્યાંથી ક્યાં સુધી) : ______________________.

૪. બેન્ડ જે ઠેકાણે જોઇએ ત્યાંનું સરનામું : ______________________________.

૫. આ અરજીની આખરે આપવામાં આવેલા નિયમોની નોંધ મેં લીધી છે અને તે નિયમો મુજબ મને બેન્ડ ભાડે મળશે એ શરતોનો હું સ્વીકાર કરું છું.

તારીખ: ______________.                    સહી ______________________.

-: વડોદરા મહાનગરપાલિકા બેન્ડ ભાડે આપવા બાબતના નિયમો :-

૧. બેન્ડ તથા મોટરભાડાના નાણાં અરજી મંજુર થતાં તરત જ પૂરેપુરા વસૂલ કરવામાં આવશે.

૨. એકવાર ભાડાની ભરી દીધેલી રકમ પાછી આપવામાં આવશે નહિં.

૩. બેન્ડ ભાડે લેનારને તેમણે માંગેલા સમયે અને દિવસે બેન્ડ આપવા મંજૂર થયા પછી એ તારીખ અને સમયમાં ફેરફાર થઇ શકશે નહિં.

૪. જો અરજીમાં જણાવેલી બેન્ડની માંગણીની તારીખ (તિથિ) માં ફેરફાર થાય તો બદલાયેલી તારીખ માટેની બેન્ડની માંગણી નવી ગણવામાં આવશે. તે તારીખે બેન્ડ બીજે રોકાયેલું નહિં હશે તો જ અને બેન્ડ તથા મોટરભાડાના પૂરા નાણાં નવી અરજી તરીકે ભરવામાં આવે તો જ આપવામાં આવશે.

૫. બેન્ડ આપવા મંજૂર કર્યા બાદ જો સંજોગોવસાત મહાનગરપાલિકાનું બેન્ડ મોકલવાનું ન બની શકે તો અમારા તરફથી બેન્ડની વ્યવસ્થા કરવામાં આવશે નહિં અને બેન્ડ ભાડે લેનારને મંજૂર રાખવી જોઇએ. જો એવી વ્યવસ્થા કરવાનું બની શકે તેમ નહિં હોય તો બેન્ડ ભાડે લેનારને તેની અગાઉ ખબર આપવામાં આવશે અને તેમની માંગણી થતાં તેમણે ભરેલા નાણાં પૂરેપૂરા પરત કરવામાં આવશે.

૬. બેન્ડ ભાડે લેનારે પોતાની અરજીમાં જણાવેલા સમય કરતાં વધારે સમય સુધી બેન્ડ રોકી રાખવું નહિં.

૭. બેન્ડ વગાડનાર માણસો કોર્પોરેશનના નોકરો હોઇ તેમનો પગાર અને બેન્ડ ભાડે અપાય ત્યારે કરવા માટે નિયમો પ્રમાણે મહેનતાણું મહાનગરપાલિકા તરફથી મળે છે. તે માણસોને બેન્ડ ભાડે લેનાર તરફથી કોઇપણ જાતનું મહેનતાણું અથવા બક્ષિસ લેવાની મનાઇ છે. માટે ભાડે લેનારે તેમને કોઇપણ જાતનું બક્ષિસ અથવા મહેનતાણું આપવું નહિં. બેન્ડ વગાડનાર તરફથી એવી જાતની માંગણી કરવામાં આવે તો એ બાબત અમારા તરફ લેખિત ખબર આપવી અને તે લખાણમાં અમારા તરફથી બેન્ડ મંજૂર રાખનાર હુકમના નંબર તથા તારીખ જણાવવી.

૮. સંજોગોવસાત્ બેન્ડ જો વેળાસર નહિં આવે તો તેની જવાબદારી અમારી નથી.

**અરજદારની સહી**